# વિષય : સામાજિક વિજ્ઞાન

## ધોરણ : 10

સમય : 75 મિનિટ **પ્રશ્નપત્ર - 1** કુલ ગુણ : 50

## PART-A

❒ **નીચે આપેલા 1 થી 50 હેતુલક્ષી પ્રશ્નો ફરજિયાત છે.**

❒ **પ્રશ્નોની સાથે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી OMR પદ્ધતિથી જવાબ આપવાના રહેશે.**

પાષાણ સંસ્કૃતિના સીધા વારસદારો કોણ હતા ?
(A) આર્યો **(B) દ્રવિડો** (C) ઓસ્ટ્રેલોઈડ (D) ડિનારીક

2 આપણી પાસે જે કંઈ છે તે.........
**(A) સંસ્કૃતિ** (B) સભ્યતા (C) વારસો (D) કલા

3 હૈદરાબાદ કયા રંગની મીનાકારીગરી માટે પણ જાણીતું છે ?
(A) લાલ (B) લીલા (C) ગુલાબી **(D) કાળા**

4 નીચેનું કયું સ્થળ બાંધણી માટે જાણીતું નથી ?
(A) જામનગર (B) જેતપુર **(C) જોનપુર** (D) ભૂજ

5 'ત્રિમૂર્તિ' નામની ભવ્યમૂર્તિ કઈ ગુફામાં આવેલી છે ?
**(A) એલિફન્ટા** (B) અજંતા (C) ઈલોરા (D) મહાબલિપુરમ્

6 મુઘલ શાસકોમાં કોનો સમય બાંધકામ ક્ષેત્રનો સુવર્ણ યુગ કહેવાય છે ?
(A) અકબર **(B) શાહજહાં** (C) ઔરંગઝેબ (D) હુમાયુ

7 ગાંધાર શૈલીનો અતિ પ્રસિદ્ધ સ્તૂપ કયો છે ?
(A) સાંચીનો સ્તૂપ (B) સારનાથનો સ્તૂપ (C) નંદનગઢનો સ્તૂપ **(D) માણિકમાલાનો સ્તૂપ**

8 સંસ્કૃત ભાષાના મહાન વ્યાકરણશાસ્ત્રી કોણ હતા ?
(A) બાણભટ્ટ **(B) પાણિનિ** (C) ભારવિ (D) અશ્વમેઘ

9 કુષાણ રાજવીના સમયની બુદ્ધની પ્રતિમાઓ ક્યાંથી પ્રાપ્ત થઈ છે ?
**(A) તક્ષશિલા** (B) હડપ્પા (C) ચેન્નઈ (D) પાટણ

10 પારાની ભસ્મ બનાવીને તેને ઔષધ તરીકે વાપરવાની ભલામણ કોણે કરી ?
(A) મહર્ષિ ચરક **(B) આચાર્ય નાગાર્જૂન** (C) આચાર્ય પાણિની (D) મહર્ષ સુશ્રુત

11 અસમનો મુખ્ય તહેવારો કયો છે ?
(A) ઓનમ (B) ગણગોર (C) ગણેશચતુર્થી **(D) બિહુ**

12 નીચેનામાંથી કયું જોડકું ખરું નથી શોધીને લખો.
(A) લાલ કિલ્લો – દિલ્લી (B) ચિત્તોડગઢ – રાજસ્થાન
**(C) ચાંપાનેર – બિહાર** (D) જિંજીનો કિલ્લો -તામિલનાડુ

13 તરણેતરનો મેળો કયા રાજ્યનો પ્રખ્યાત છે ?
**(A) ગુજરાત** (B) કેરલ (C) મહારાષ્ટ્ર (D) રાજસ્થાન

14 ભારતમાં જ્યોતિલિંગોની સંખ્યા કેટલી છે ?
(A) 4 (B) 6 **(C) 12** (D) 14

15 વન્ય જીવોને લગતો કાયદો કઈ સાલમાં પસાર થયો ?
**(A) ઈ.સ. 1972** (B) ઈ.સ. 1975 (C) ઈ.સ. 1950 (D) ઈ.સ. 1985

16 મેઘાલયમાં કયું મુખ્ય ઉપવન આવેલું છે ?
(A) સુંદરવન **(B) લિંગદોહ** (C) કાન્હા (D) સુંદરવન

17 નીચેનામાંથી કયું જોડકું સંબંધ ધરાવતું નથી.
(A) સહસ્ત્રલિંગ તળાવ – પાટણ (B) ગીર – ગુજરાત
(C) ભારત - ભારતવર્ષનામ **(D) રાણકીવાવ – અમદાવાદ**

18 રાતી જમીનનો રાતો રંગ કોને આભારી છે ?
(A) એલ્યુમિનિયમ તત્વ (B) ચુનાના તત્વને **(C) લોહતત્વને** (D) પોટાશના તત્વને

19 કઈ ઔષધીય વનસ્પતિ એકમાત્ર ભારતમાં થાય છે ?
(A) અશ્વગંધા (B) રજનીગંધા (C) મત્સ્યગંધા **(D) સર્પગંધા**

20 દેવદારના જંગલોને બચાવવા કયા રાજ્યમાં 'ચીપકો આંદોલન' થયું ?
**(A) ઉત્તરાંચલ** (B) હિમાચલ પ્રદેશ (C) મધ્યપ્રદેશ (D) બિહાર

21 ગુજરાતમાં કયા સ્થળે 'સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી' આવેલી છે ?
**(A) દાંતીવાડા** (B) દેલવાડા (C) વિજયવાડા (D) વાંસવાડા

22 નીચેનામાંથી કયો પાક રોકડિયો પાક છે ?
(A) જુવાર (B) તલ (C) ઘઉં **(D) તમાકુ**

23 નીચેનામાંથી યોગ્ય સંબંધ ધરાવતું જોડકું શોધો.
(A) સોનેરીપાન મુલક - ભાલ **(B) ઘઉં – પંજાબ** (C) ચા – મધ્યપ્રદેશ (D) કોફી – ઉત્તરપ્રદેશ

24 ભારતની રાષ્ટ્રીય આવકનો કેટલા ટકા હિસ્સો કૃષિમાંથી પ્રાપ્ત થાય છે ?
(A) 65 % (B) 62 % **(C) 26 %** (D) 22 %

25 કોસી યોજના કયા રાજ્યમાં આવેલી છે ?
(A) મધ્યપ્રદેશ (B) ઝારખંડ **(C) બિહાર** (D) છત્તીસગઢ

26 બોક્સાઈટમાંથી કઈ ધાતુ મેળવવામાં આવે છે ?
(A) બેરિયમ (B) બેરિલિયમ (C) સીસું **(D) એલ્યુમિનિયમ**

27 માનવીએ સૌ પ્રથમ કઈ ધાતુનો ઉપયોગ કર્યો ?
**(A) તાંબુ** (B) પિત્તળ (C) કાંસું (D) લોખંડ

28 કાળો હીરો કોને કહેવાય છે ?
(A) ખનીજ તેલ (B) કુદરતી વાયુ **(C) કોલસો** (D) યુરેનિયમ

29 ભારતમાં સર્વ પ્રથમ વિન્ડફાર્મ કઈ જગ્યાએ સ્થપાયું છે ?
(A) કંડલા (B) માંડવી (C) લાંબા **(D) તુતીકોરીન**

30 નીચેનામાંથી કયા સ્થળે રેલ્વેના ડબ્બા બને છે ?
(A) ચેમ્બુર (B) તુતીકોરીન (C) વિશાખાપટ્ટનમ **(D) પેરામ્બુર**

31 નીચેનામાંથી કયું જોડકું યોગ્ય નથી.
(A) લોખંડ પોલાદ – જમશેદપુર (B) રાસાયણિક ખાતર – કલોલ
**(C) ઈલેક્ટ્રોનિક રાજધાની – કલકત્તા** (D) સિમેન્ટ ઉદ્યોગ – ચેન્નઈ

32 રશિયાના સહયોગથી લોખંડ પોલાદનું કયું કેન્દ્ર સ્થપાયું ?
(A) ગોપાલપુર (B) મુંબઈ (C) દુર્ગાપુર **(D) ભિલાઈ**

33 ભારતના કયા વિસ્તારોની શેરડીમાં ગળપણ વધુ હોય છે ?
(A) પૂર્વના (B) ઉત્તરના (C) વાયવ્યના **(D) દક્ષિણના**

34 ભારતમાં એકપણ રેલ્વે ક્રોસિંગ ન હોય તેવો હાઈવે કયો છે ?
(A) કોરીડોર હાઈવે (B) કોસ્ટલ હાઈવે **(C) ચતુર્ભુજ હાઈવે** (D) મેટ્રો હાઈવે

35 નીચેનામાંથી કયા દેશમાં બજાર પધ્ધતિ અમલમાં છે ?
(A) ભારત (B) રશિયા (C) ચીન **(D) યુ.એસ.એ.**

36 વિકસિત દેશનો ખ્યાલ કેવો છે ?
**(A) સાપેક્ષ** (B) નિરપેક્ષ (C) સ્થિર (D) અસ્થિર

37 આર્થિક ઉદારીકરણની નિતીથી .....
(A) સરકારી દેવામાં ઘટાડો થયો છે. **(B) ભાવવધારો નિયંત્રણમાં આવ્યો છે.**
(C) ગરીબીમાં ઘટાડો થયો છે. (D) કૃષિક્ષેત્રે પ્રગતિ થઈ છે.

38 કયા વર્ષની ઔદ્યોગિક નીતિથી ભારતમાં નવો યુગ શરૂ થયો ?
(A) ઈ.સ. 1985 **(B) ઈ.સ. 1991** (C) ઈ.સ. 1988 (D) ઈ.સ. 1998

39 વાતાવરણમાંથી ઓઝોન વાયુનો વિનાશ કોણ કરે ?
(A) ક્લોરો ક્વોન કાર્બન્સ (B) ક્લોરોક્વોન હાઈડ્રોજન
(C) સલ્ફો ફ્લોરો કાર્બન્સ **(D) ક્લોરો ફ્લોરો કાર્બન્સ**

40 રાજ્યની આવક અને ખર્ચ અંગેની નિતી કોને કહેવાય છે ?
(A) નાણાકીય નીતિ (B) વ્યાપાર નીતિ **(C) રાજકોષીનીતિ** (D) ઔદ્યોગિક નીતિ

41 સરકાર દ્વારા કઈ પેદાશોના ભાવો નિર્ધારિત થાય છે ?
**(A) પેટ્રોલિયમ** (B) શાકભાજી (C) મોજશોખ (D) દાક્તરી સારવાર

42 બજારનો રાજા કોને કહેવાય ?
(A) ઉત્પાદક (B) વેપારી (C) વિક્રેતા **(D) ગ્રાહક**

43 ભારતમાં ઈ.સ. 2001 માં સાક્ષરતાનો દર કેટલા ટકા હતો ?
(A) 65.38 **(B) 64.8** (C) 81.67 (D) 70

44 'અનુસૂચિત જનજાતિ' ઓનો સમાવેશ બંધારણની કઈ કલમમાં કરવામાં આવ્યો છે ?
(A) 341 (B) 442 **(C) 342** (D) 441

45 ભારતમાં બંધારણ માન્ય મુખ્ય ભાષાઓ કેટલી છે ?
(A) 15 (B) 16 **(C) 18** (D) 20

46 ભારતની સામાજિક સંરચના શેની પર આધારિત છે ?
**(A) જ્ઞાતિવાદ** (B) સાંપ્રદાયિકતા (C) ધર્મ (D) જૂથવાદ

47 કઈ સમસ્યા વૈશ્વિક સમસ્યા છે ?
(A) ફાંસીવાદ **(B) આતંકવાદ** (C) જ્ઞાતિવાદ (D) કોમવાદ

48 અજંતા-ઈલોરાની ગુફાઓ ક્યા રાજ્યમાં આવેલી છે ?
(A) ગુજરાત **(B) મહારાષ્ટ્ર** (C) કર્ણાટક (D) ગોવા

49 વૃદ્ધાવસ્થામાં ભવિષ્ય કેવું છે ?
(A) ઉજ્જવળ **(B) અસહાય** (C) લાઘણીશીલ (D) સહાયક

50 ભ્રષ્ટાચાર શેનું પરિણામ છે ?
(A) સાર્વજનિક (B) બેઈમાની (C) છેતરપિંડી (D) મર્યાદિત

✤ ✤ ✤

| સમય : 2 કલાક | **PART-B** | કુલ ગુણ : 50 |
|---|---|---|

- આ પ્રશ્નપત્રમાં કુલ ચાર પેટા વિભાગો છે.
- બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
- સૂચના પ્રમાણે આકૃતિનો સ્વચ્છ, સ્પષ્ટ અને પ્રમાણસર દોરવી.
- જમણી બાજુના અંક પ્રશ્નના ગુણ દર્શાવે છે.

## SECTION-A

❒ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો, દરેકના બે ગુણ છે.** **(10)**

1. ભારતની પ્રાચીન પ્રજા દ્રવિડ વિશે માહિતી આપો.
2. 'ગોપુરમ' સ્થાપત્યનો પરિચય આપો.
3. આપણે આપણા વારસાનું જતન અને રક્ષણ શા માટે કરવું જોઈએ ? **અથવા**
3. આપણા વારસાને લોકો કઈ કઈ રીતે નુકસાન પહોંચાડે છે ?
4. ભારતમાં ખેતીપાકોનું હેક્ટર દીઠ ઉત્પાદન ઓછું થાય છે. કારણ આપો.
5. કૃષિ ક્ષેત્રે આવેલા ટેકનિકલ અને સંસ્થાગત સુધારાની શી અસરો થઈ છે ?

## SECTION-B

❒ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો, દરેકના ૨ ગુણ છે.** **(10)**

6. જળ પ્લાવિત ક્ષેત્ર શું છે ? **અથવા**
6. વૃષ્ટિ જળ સંચયનના ઉદ્દેશો જણાવો. કોઈપણ ચાર

7. 'ખનીજ કોલસો અશ્મીભૂત વનસ્પતિ છે ' સમજાવો.

8. ભારતનો ખાતર ઉદ્યોગ

9. બજાર પધ્ધતિના લક્ષણો જણાવો.

10. સામાજિક વિકાસની રણનીતિઓ જણાવો.

## SECTION-C

❐ **નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો, દરેકના ત્રણ ગુણ છે.** (15)

11. ભારતની એક કલા તરીકે માટીકામનો પરિચય આપો.

12. પ્રાચીન ભારતે ગણિતશાસ્ત્રમાં સાધેલી પ્રગતિનું વર્ણન કરો. **અથવા**

12. વિજ્ઞાન અને ટેકનોલોજીનું મહત્વ સમજાવો.

13. ભારતની રાષ્ટ્રીય વનનીતિ જણાવો.

14. ગ્રાહકે બજાવવાની વિવિધ ફરજો જણાવો.

15. માનવ વિકાસ આંક જણાવી ટૂંકમાં માહિતી આપો.

## SECTION-D

❐ **માગ્યા મુજબ ઉત્તર આપો.** (15)

16. પ્રાચીન ભારતીય સાહિત્યનો પરિચય આપો.

17. ગરીબી ઘટાડવા માટે સરકારે હાથ ધરેલ વિવિધ ઉપાયો વર્ણવો. **અથવા**

17. (અ) વિશ્વ શ્રમ બજાર વિશે માહિતી આપો. (બ) શિક્ષિત બેરોજગારી

18. ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો યોગ્ય સંજ્ઞા વડે યોગ્ય સ્થાને દર્શાવો.

(1) હીરાકુંડ યોજના (2) તમાકુ પકવતો પ્રદેશ (3) અબરખ મળતું હોય તેવો પ્રદેશ

(4) ખાતર ઉદ્યોગનું એક કેન્દ્ર (5) મુંબઈ-દિલ્હી રેલમાર્ગ — બે અટક સ્થાન